**અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખનો કથિત ઓડિયો વાયરલ થતાં રાજકારણમાં ભારે ગરમાવો**

# દંડ કાપવાની વાતનું વતેસર!

**કથિત** ઓડિયો મામલે વિપક્ષે શાસક પક્ષ પર નિશાન સાધ્યું

**ચૂંટણી** પહેલા અંકલેશ્વરના રાજકારણમાં ઓડિયો ક્લિપનો મોટો ધડાકો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરમાં મંગળવારે સોશિયલ મીડિયા વર્તુળમાં વાયરલ થયેલી એક ઓડિયો ક્લિપે ભારે ચકચાર જગાડી હતી. જેને પગલે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ દ્વારા કોન્ટ્રાક્ટર પાસે રૂ.50 હજારની માંગણી કરવામાં આવી હોવાનો કથિત ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરના રાજકારણમાં ભારે ચર્ચા અને ગરમાટો જોવા મળ્યો હતો. વોટ્સઅપ પ્લેટફોર્મ ઉપર વાયરલ થયેલી ઓડિયો ક્લિપને લઈ વિપક્ષ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ અંકલેશ્વર નગરપાલિકા હેઠળ દેહાડી મજૂરો લાવી સફાઈ કામગીરી કરાવતા કોન્ટ્રાક્ટર પાસે પાલિકા પ્રમુખ દ્વારા રકમની માંગ કરવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ સમગ્ર મામલે વાયરલ થયેલી ઓડિયો ક્લિપ સાચી છે કે ખોટી, તે અંગે હાલ ચર્ચા ચાલી રહી છે. વાયરલ ઓડિયો સામે આવતાં વિપક્ષે આ મામલે કડક પ્રતિક્રિયા આપતાં જણાવ્યું છે કે, જો આક્ષેપો સાચા સાબિત થાય તો તે જાહેર જીવનની નૈતિકતા અને પારદર્શિતાને ઘાત પહોંચાડનાર છે. વિપક્ષે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની પ્રબળ માંગ ઊભી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સામે પાલિકા અને પંચાયતોની ચૂંટણી વખતે કથિત ઓડિયો કલીપ વાયરલ થતાં જાણે શાસકોએ વિપક્ષોને એક મુદ્દો આપી દીધો હોય એમ છે. આ ઓડિયો ક્લીપથી અંકલેશ્વર પાલિકાનાં રાજકીય વર્તુળો દરમિયાન આ ઓડિયો ક્લીપ વાયરલ થયા બાદ અંકલેશ્વર પાલિકાના રાજકીય વર્તુળમાં આગામી દિવસોમાં રાજકીય માહોલ વધુ ગરમાવાની શક્યતા છે.

### કોઈ નાણાકીય માંગણીની વાત નહોતી: લલિતાબેન રાજપુરોહિત

બીજી તરફ આ મામલે પાલિકા પ્રમુખ લલિતાબેન રાજપુરોહિતે સ્પષ્ટતા કરી હતી કે, આજે જે કથિત ઓડિયો વાયરલ થયો છે તે માટે વિપક્ષ દ્વારા જે ટીકા કરવામાં આવી છે તે ખેદજનક છે. કથિત વાતચીતમાં આઉટ સોર્સ સાથે સંકળાયેલ કોન્ટ્રાક્ટર દ્વારા થયેલી અધૂરી કામગીરીને જોતાં કરારની રૂએ દંડાત્મક રકમને કાપવાની વાત હતી. કોઈ નાણાકીય માંગણીની વાત નહોતી. પરંતુ વિપક્ષના સદસ્યો વાતનું વતેસર કરી ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

## વ્યારાના બોરખડી પાસે ઈકો કારની અડફટે યુવકનું કરુણ મોત

વ્યારા: વ્યારાના બોરખડી ગામે બાજીપુરાથી કહેર જતાં રસ્તે ઈકો ગાડીની અડફેટે બોરખડી ગામના 30 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. રણજીત છીતુભાઈ ચૌધરી (ઉં.વ.30) (રહે.,બોરખડી, નવોદય ફળિયું, તા.વ્યારા, જિ.તાપી) ગત તા.12-1-2026ના રોજ સાંજના સાડા છ વાગ્યાથી સાડા સાત વાગ્યાના અરસામાં પોતાની મોટરસાઈકલ ગાડી નં.(GJ-19-N-3869) લઈને પોતાના મિત્ર સાથે જઈ રહ્યા હતા. દરમિયાન કાકડદા પાટિયા પાસે પાછળથી આવેલા ઈકો ગાડીના ચાલકે પોતાની ગાડીને પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલક રણજીતનું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ઉપર સવાર કિરણ ચૌધરીને સદનસીબે કોઈ ઈજા થઈ ન હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીની હરિઓમ વિદ્યાવિહાર પ્રાથમિક શાળાની સિદ્ધિ


હિતેશ પટેલ

માંડવી: શ્રી પ્રફુલ્લતા સેવા કર્મ ટ્રસ્ટ, વ્યારા સંચાલિત હરિઓમ વિદ્યા વિહાર પ્રાથમિક શાળા, માંડવીના વિદ્યાર્થીઓએ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી છે. ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત તથા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા.9થી 12 જાન્યુઆરી દરમિયાન યોજાયેલી ચાર દિવસીય રાજ્ય કક્ષાની U-11 એથ્લેટિક્સ મીટમાં હરિઓમ વિદ્યા વિહાર પ્રાથમિક શાળાના કુલ 30 ખેલાડીએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચાર વિદ્યાર્થીઓએ લોન્ગ જમ્પમાં અને એક વિદ્યાર્થીએ 60 મીટર દોડમાં વિજેતા બની ક્વોલિફાય કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓમાં ધ્યેયકુમાર વી. ચૌધરીએ 60 મીટર દોડમાં 17મો ક્રમ મેળવ્યો હતો. કેશવકુમાર સી. રાજપુરોહિતે લોન્ગ જમ્પમાં 8મો ક્રમ, જીયા એન. ચૌધરીએ 10મો ક્રમ, મિહિત નિખિલભાઈ ચૌધરીએ 11મો ક્રમ તથા પ્રિયાંશી યોગેશભાઈ ચૌધરીએ લોન્ગ જમ્પમાં 14મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ ગજરાબેન ચૌધરી, મંત્રી અમરસિંહભાઈ વી. ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટર નાનસિંહભાઈ એ. ચૌધરી, શાળાના આચાર્ય ચતુરભાઈ ડી. વસાવા, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય અતુલભાઈ ચૌધરી, કોચ દીપકભાઈ ચૌધરી તેમજ સમગ્ર શિક્ષકગણ અને શાળા પરિવાર દ્વારા તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### વલથાણ પાસે હાઈવેના સર્વિસ રોડ પર સુમુલ પાર્લરમાં ટ્રક અથડાઈ

કામરેજ: વમૂળ મહારાષ્ટ્રના ભડગાંવના વતની અને હાલ પલસાણાના બગુમરા સાંઈવાટીકા સોસાયટીમાં મકાન નં.414માં રાવસાહેબ નથ્થુ પાટીલ પરિવાર સાથે રહે છે. કામરેજના વલથાણ ગામની હદમાં અમદાવાદ મુંબઈ ને.હા.નં.48ના સર્વિસ રોડની બાજુમાં જે.કે.ટાયરના કમ્પાઉન્ડ દીવાલની આગળ લોખંડના કન્ટેનરમાં અમુલ પાર્લર ચલાવે છે. બે દિવસ અગાઉ નિત્યક્રમ મુજબ પોતાના પાર્લર પર સવારે ગયા હતા. રાત્રિના પરત 10 કલાકે પાર્લર બંધ કરીને ઘરે જતા રહ્યા હતા. મોડી રાત્રે આશરે 11.30 કલાકે ટ્રક નં.(જીજે 21 ડબ્લ્યૂ 3060)ના ચાલકે સર્વિસ રોડની બાજુમાં લોખંડના કન્ટેનરમાં બનાવેલા સુમુલ પાર્લરમાં અથડાવી દેતાં પાર્લરની અંદર બે ફ્રીઝ, સીસીટીવી કેમેરા, ડી.વી.આર., ચા બનાવવાનું મશીન, પંખો, ઓવન, નમકીન, કાચો માલ, ટી.વી. સહિત આશરે રૂ.5 લાખનું નુકસાન કરી દીધું હતું. જે સુમુલ પાર્લર ચલાવતા રાવસાહેબ પાટીલે ટ્રકના ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### ચંદ્રવાણ ગામે બાઇક અડફેટે ઘાયલ વૃદ્ધનું મોત

નેત્રંગ: ચંદ્રવાણ ગામમાં રહેતા રવિશભાઇ બુચાભાઇ વસાવા પોતાના ખેતરેથી ગત તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના સુમારે ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે ડેડિયાપાડા રોડ તરફથી નેત્રંગ તરફ પૂરઝડપે આવતી એક બજાજ પ્લેટીના મોટરસાઇકલ (નંબર GJ-16-AG-9543)ના ચાલક શ્રીકાંતભાઇ રતનભાઇ વસાવા (રહે., ચીખલી, નેત્રંગ)એ રવિશભાઇને અડફેટે લીધા હતા. આ બનાવમાં રવિશભાઇને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નેત્રંગ અને ત્યારબાદ વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી હાલત વધુ ગંભીર જણાતાં તેઓને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તા.૧૨/૧/૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦ કલાકે તેમનું મોત થયું હતું. આ અકસ્માતમાં બાઇકચાલક અને બાઇક પાછળ બેસેલા અન્ય એકને પણ ઇજા પહોંચી હતી.

### પલસાણામાં બાઈક સ્લિપ થતાં ચાલકનું મોત: મિત્રને ગંભીર ઈજા

પલસાણા: મૂળ બિહારના અને હાલ સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય સૌગંદકુમાર નકુલ લૈયા મજૂરીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં તેઓ પોતાની હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ નં.(GJ-05-UA-8671) લઈને મોજે લિંગડ ગામની સીમમાં એચ.પી. પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રહ્યા હોય, અચાનક સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા સૌગંદકુમાર અને મૃત્યુંજયકુમાર લૈયાને ઈજાઓ થઈ હતી. આ બનાવમાં સારવાર દરમિયાન સૌગંદકુમારનું મોત નીપજ્યું હતું.

### SOUમાં પગાર વધારા ન થતાં વિરોધ

રાજપીપળા: SOU તંત્ર દ્વારા સંચાલિત અંદાજે 60થી વધુ ઈ-બસોના ડ્રાઇવરોએ વહીવટી તંત્ર સામે મોરચો માંડ્યો છે. ડ્રાઇવરોનો મુખ્ય આક્ષેપ છે કે તેમના એપોઇન્ટમેન્ટ લેટરમાં કામના કલાકોનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. આ ઉપરાંત, સેલેરી સ્લીપમાં પણ ઓવરટાઇમની વિગતો દર્શાવવામાં આવતી નથી. ડ્રાઇવરોનું કહેવું છે કે, સરકારી નિયમ મુજબ 8 કલાકની ફરજ હોય છે, છતાં અમારી પાસે 12 કલાક કામ લેવામાં આવે છે. જો પગાર ફિક્સ વેજીસ મુજબ હોય, તો તે 8 કલાકનો જ હોવો જોઈએ. જોઈનિંગ લેટરમાં પગાર ₹14,100 દર્શાવ્યો છે, જ્યારે સ્લીપ મુજબ એલાઉન્સ કાપીને રૂ.18,300 ચૂકવાય છે, તો રજાના દિવસે મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓ અટવાશે અને તેમની મુશ્કેલીમાં વધારો થશે.

### મોસાલી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં પતંગોત્સવની ઉજવણી



સુરત: સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મોસાલી ઉતચ્ચતર પ્રાથમિક શાળામા પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બાળવાટિકાથી ૮ ધોરણનાં બાળકોએ ભાગ લીધો હતો તેમજ બાળકો દ્વારા પતંગ જેવી આકૃતિ બનાવી ખૂબ સુંદર વાતાવરણ ઊભું કર્યું હતું. ત્યાર બાદ બાળકોએ પતંગ આકાશમાં ઉડાવી મજા લીધી હતી. આ ઉત્સવમાં આચાર્ય વાસંતીબેન વસાવા, ઇમરાનખાન પઠાણ, પુષ્પાબેન પટેલ, લલિતાબેન ગામીત, જીરુબેન, આશિષભાઇ, તેજલભાઈ, જયદીપભાઈ, કવિતાબેન તેમજ સ્ટાફે બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં.



## અંકલેશ્વર હાઇવેની નોબલ સ્ક્રેપ માર્કેટમાં બે ગોડાઉનમાં આગ

**ફાયર** ફાઇટરોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે નં.48 પર આવેલી નોબલ સ્ક્રેપ માર્કેટમાં આવેલા સ્ક્રેપના બે ગોડાઉનમાં મંગળવારે વહેલી પરોઢે અચાનક આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગ ઝડપથી ફેલાતા વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ નજીકના ભડકોદ્રા ગ્રામ પંચાયતની ડમ્પિંગ સાઈટમાં લાગેલી આગ બાદ તે ગોડાઉન સુધી ફેલાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગના કારણે ગોડાઉનમાં સંગ્રહિત ભંગારનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર ડીપીએમસી ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઇટરો ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણેક માસ અગાઉ પણ આજ સ્થળે ગોડાઉનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો ભંગાર બળીને ખાખ થઇ ગયો હતો.

## જે જગ્યા અસ્તિત્વમાં જ નથી, તેનો દસ્તાવેજ બનાવી ઠગાઈ!

**હલધરૂમાં** સોસાયટીનો ખોટો નકશો અને પ્લાન બતાવીને એક પ્લોટ કરિયાણાની દુકાન ચલાવતા યુવકને વેચી માર્યો

**દલાલની** માયાજાળમાં ફસાયેલા વેપારીએ સાયણનું મકાન પણ વેચી દીધું, અંતે પોલીસના શરણે જવાનો વારો આવ્યો

**દંપતી** સહિતના શખ્સોએ વેપારીનો ૨૦ લાખમાં ઉલાળિયો કર્યો

કામરેજ: કામરેજ તાલુકાના હલધરૂ ગામે ખોટો નકશો અને બોગસ પ્લાન બતાવી અનાજ-કરિયાણાના વેપારીને પ્લોટ વેચી છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર વેપારીએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી કુબેરનગર સોસાયટીમાં રહેતા સંજય અમૃતલાલ અમલાણી અનાજ-કરિયાણાની દુકાન ચલાવે છે. વર્ષ-2017માં તેમની મુલાકાત જમીન દલાલીનું કામ કરતા સંજય રામપ્રતાપ સિંગ (રહે.,પર્વતગામ) સાથે થઈ હતી. સંજય અમલાણીએ પોતાના પિતરાઈ ભાઈ સુભાષ સાથે મળીને પર્વત પાટિયા પાસે એક શો-રૂમની જગ્યા રૂ. 1.25 કરોડમાં રાખવાનું નક્કી કર્યું હતું, જેના બાના પેટે સંજય સિંગને રૂ. 6 લાખ આપ્યા હતા. જો કે, બાદમાં રૂપિયાની સગવડ ન થતા સંજય અમલાણીએ બાનાની રકમ પરત માંગી હતી. તે સમયે સંજય સિંગે રોકડ પરત કરવાના બદલે અન્ય જગ્યા આપવાની ખાતરી આપી હતી. તેણે કામરેજ તાલુકાના હલધરૂ ગામે બ્લોક નં.421 (સરવે નં.471) માં આવેલી 'જીવદાની' સોસાયટીમાં પ્લોટ નં. 186-એ રૂ. 19.80 લાખમાં આપવાનું નક્કી કર્યું હતું. બાકીના રૂ.13.80 લાખની પતાવટ માટે સંજય અમલાણીએ પોતાનું સાયણ નજીક આવેલું મકાન રૂ.10 લાખમાં વેચી દસ્તાવેજ કરી આપ્યો હતો અને બાકીના રૂ.3.80 લાખ રોકડા ચૂકવ્યા હતા.

પ્લોટ બાબતે શંકા જતાં સંજય અમલાણીએ તપાસ કરી તો ચોંકાવનારી વિગત સામે આવી હતી. સોસાયટીમાં કુલ 185 જ પ્લોટ હતા, જ્યારે તેમને 186-એ નંબરના પ્લોટનો દસ્તાવેજ બનાવી આપવામાં આવ્યો હતો, જે પ્લોટ સોસાયટીમાં અસ્તિત્વમાં જ નહોતો. આ દસ્તાવેજ પ્રહલાદ જગન્નાથ મોર્યા અને તેની પત્ની દક્ષાબેને કરી આપ્યો હતો.

વધુ તપાસમાં જાણવા મળ્યું કે, જમીનના મૂળ માલિક રમેશ મધુ જોગાણીએ વર્ષ-2011માં આ જમીન કાંતિ મધુ જોગાણી (રહે.37,38,મણીબાપાર્ક સોસાયટી, પુણાગામ, મૂળ અમરેલી)ને વેચી દીધી હતી. આમ, સોસાયટીનો ખોટો નકશો અને પ્લાન બનાવી વિશ્વાસઘાત પૂર્વક છેતરપિંડી આચરવામાં આવતા સંજય અમલાણીએ કાંતિ જોગાણી અને અન્ય સંડોવાયેલા શખ્સો વિરુદ્ધ કામરેજ પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

## કીમ ઓવરબ્રિજ પર તંત્રના 'અંધેર' વહીવટે બે યુવાનના જીવ લીધા

**સામાન્ય** જનતા પાસેથી દંડ વસૂલવામાં રસ, પણ જોખમી વાહનો સામે આંખ આડા કાન કેમ?

કીમ: ઓલપાડ તાલુકાના કીમ વિસ્તારમાં એક જ દિવસમાં બે અલગ-અલગ ગંભીર માર્ગ અકસ્માતોમાં બે યુવકોનાં કરુણ મોત થયાં હતાં. સ્ટ્રીટલાઈટનો અભાવ અને રસ્તા પર થતું જોખમી પાર્કિંગ આ અકસ્માતો માટે મુખ્ય કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

અજાણ્યા વાહનની પાછળ બાઈક અથડાઈ સોમવારે રાત્રે આશરે 8 વાગ્યે કીમ રેલવે ઓવરબ્રિજ પર પ્રથમ અકસ્માત સર્જાયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ કુંવારદા ગામે શિવમ રેસિડેન્સીમાં રહેતા 33 વર્ષીય લવલેશ હરીશચંદ્ર સિંગ પોતાની મોટરસાઈકલ (GJ-19-BC-0864) લઈને જઈ રહ્યા હતા. બ્રિજ પર અંધારું હોવાથી તેઓ આગળ ચાલતા કોઈ અજાણ્યા વાહન પાછળ અથડાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા લવલેશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કુડસદ પાટિયા પાસે અકસ્માત અકસ્માતની બીજી ઘટના એ જ રાત્રે 11:30 કલાકે કુડસદ ગામની સીમમાં સ્વામિનારાયણ મંદિરના ગેટ પાસે બની હતી. ઈલાવ ગામના 28 વર્ષીય બિરેનભાઈ કમલેશભાઈ પટેલ પોતાની બાઈક (GJ-16-EG-0294) પર જઈ રહ્યા હતા ત્યારે આગળ જતા વાહન સાથે ભટકાતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. વારંવાર રજૂઆતો છતાં બ્રિજ પર સ્ટ્રીટલાઈટ નાંખવામાં આવી નથી. વધુમાં, કુડસદ GIDCમાં આવતાં ભારે વાહનો મુખ્ય માર્ગ પર જ ગેરકાયદે રીતે પાર્ક કરી દેવામાં આવે છે, જે અકસ્માતનું મોટું કારણ બને છે. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે ટ્રાફિક અને લોકલ પોલીસ માત્ર નાના વાહનચાલકો પાસેથી દંડ ઉઘરાવવામાં જ વ્યસ્ત રહે છે.

## બુટલેગરોના અવનવા કીમિયા: ગેસ બોટલમાં ગેસ નહીં, 'જામ' નીકળ્યો!

**માંડવી** પોલીસે બાટલા ચીરીને વિદેશી દારૂનો જથ્થો બહાર કાઢ્યો


હિતેશ પટેલ

માંડવી: માંડવી-મઢી સ્ટેટ હાઈવે નં.56 પર માંડવી વિસ્તારમાં આશીર્વાદ વિલા રેસીડન્સી સામે ખોટી નંબર પ્લેટ લગાવેલી મહિન્દ્રા ગાડીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો લઈ જઈ રહેલા બે ઈસમને માંડવી પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે વિદેશી દારૂની વિસ્કી તથા બિયરની કુલ 2109 બોટલ (કિંમત રૂ. 4,82,775) તેમજ વાહન સહિત કુલ રૂ.7,22,565નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માંડવી પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તે દરમિયાન જમાદાર ભાવિનભાઈ રમણભાઈને મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે ચોક્કસ સ્થળે વોચ ગોઠવી હતી. બાતમી મુજબ સફેદ રંગની મહિન્દ્રા સુપ્રો ગાડી નં. GJ-19-X-7626 ના પાછળના ભાગમાં 28 કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ચોરખાનું બનાવી તેમાં વિદેશી દારૂ ભરી સેલવાસ, ધરમપુર અને વાંસદા માર્ગે માંડવી તરફ લઈ જવાતો હતો. આ બાતમીના આધારે માંડવી પોલીસે આશીર્વાદ વિલા રેસિડન્સી સામે ગાડી રોકી તપાસ કરતાં ચોરખાનામાંથી વિદેશી દારૂની વિસ્કી અને બિયરની કુલ 2109 બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ.4,82,775 થતી હતી. ઉપરાંત ગાડીની કિંમત સાથે કુલ રૂ.7,22,565નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. પોલીસે આ કેસમાં બે આરોપીઓ મેહુલભાઈ જેરામભાઈ દેવુભાઈ ઢોડિયા પટેલ (ઉં.વ.29) (રહે.,નરોલી ગામ, કાકડ ફળિયું, સેલવાસ, દાદરા નગર હવેલી) તથા જિગ્નેશ ઈશ્વર ભુલાભાઈ પટેલ (ઉં.વ.30) (રહે.,નાની તંબાડી ગામ, જાડા ફળિયું, તા.નાના પૌઢા, જિ.વલસાડ) ની ધરપકડ કરી કાર્યવાહી કર્યા બાદ વધુ તપાસ હાથ ધરી હતી.

## વરેલીમાં પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણા: કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનની હદમાં આવતા વરેલી ગામે પૂનમ ટોકીઝની ઉપર આવેલા મકાનમાં અરવિંદ બ્રિજમોહન શ્રીવાસ્તવ તેમનાં પત્ની નીતુ (ઉં.વ.૨૭) સાથે રહેતા હતા. ગત તા.૧૨/૧/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૮:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન, નીતુબેને રસોડાનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ રસોડામાં લોખંડની એંગલ સાથે સાડીનો છેડો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગેની જાણ પોલીસને કરવામાં આવતાં કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે મૃતક નીતુબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે બીમાર હતા અને તેમનો સ્વભાવ ખૂબ જ ચીડિયો થઈ ગયો હતો. આ બીમારી અને માનસિક સ્થિતિથી કંટાળીને તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે.

## સાવચેત રહેજો: ઉત્તરાયણ પૂર્વે ભરૂચ ફૂડ વિભાગની કડક તપાસ

**અંકલેશ્વર**-ભરૂચમાંથી 36 શંકાસ્પદ નમૂના ભુજ લેબોરેટરીમાં મોકલાયા



ભરૂચ: ઉત્તરાયણ પર્વે લોકોના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં રોકવા ભરૂચ જિલ્લા ફૂડ વિભાગે છેલ્લા ત્રણ દિવસથી લાલ આંખ કરી છે. અંકલેશ્વર બાદ હવે ભરૂચ, ઝાડેશ્વર અને નર્મદા માર્કેટ સહિત વિસ્તારોમાંથી ખાદ્ય વસ્તુ ધરાવતી દુકાનોમાં ઓચિંતું ચેકિંગ હાથ ધરતા 36 જેટલા શંકાસ્પદ નમૂના લીધા છે. અંકલેશ્વરમાંથી 13 અને ભરૂચમાંથી 23 નમૂના શંકાસ્પદ છે. જે નમુના પૃથ્થકરણ માટે ભુજ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જો નમૂના ફેલ થશે તો વેપારીઓ સામે ફૂડ સેફટી એક્ટ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરાશે. ખાદ્ય સુરક્ષા અધિકારીએ ચીકી કે ગોળ ખરીદતી વખતે કૃત્રિમ રંગ, હાઈડ્રો પાઉડરની હાજરી કે શંકાસ્પદ વાસ પ્રત્યે સાવધાની રાખવી કોઈ ભેળસેળ દેખાય તો અમારા વિભાગને જાણ કરવા અનુરોધ કર્યો છે. ખરીદી સમયે પાકું બિલ લેવું અને પેકિંગની વિગતો તપાસવી હિતાવહ છે.

### હથોડાના વેસ્ટેજ ગોડાઉનમાં લાગેલી આગની ઘટનામાં મામલતદારને રિપોર્ટ કરાયો

હથોડા: હથોડા ગામની ભાગોળે આવેલી સત્યમ ઇન્ડસ્ટ્રિઝના વેસ્ટેજ ગોડાઉનમાં ગઈકાલે ભભૂકેલી આગમાં ચાર વર્ષના માસૂમ બાળકનો ભોગ લેવાયો હતો. આ બાબતે આજે હથોડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કિરણભાઈ વેસ્તાભાઈ ચૌધરીએ માંગરોળના મામલતદારને પ્રાઇમરિ રિપોર્ટ કર્યો હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે હથોડા ગામે સત્યમ ઇન્ડસ્ટ્રિઝમાં જ્યાં આગ લાગી હતી તે ગોડાઉન હાર્દિકભાઈનું હતું અને મરણ પામેલો બાળક રાહુલ ભલ્લો ડામોર (ઉં.વ.૪)નું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અત્રે યાદ રાખવું જરૂરી છે કે, હથોડા ગામને હદમાં આવેલ સત્યમ ઇન્ડસ્ટ્રિઝમાં સંખ્યાબંધ મોટી મોટી ફેક્ટરી આવેલી છે. પેપરમિલ આવેલી છે. અને અવારનવાર આગ લાગવાની ઘટના પણ બની રહી છે. પરંતુ અત્રે ફાયર સ્ટેશનની સુવિધા નહીં હોવાથી જ્યારે પણ આગ લાગે છે ત્યારે બહારથી ફાયરની મદદ લેવી પડે છે અને ટ્રાફિકના ભીડભંજનવાળા હાઇવે પરથી આગ લાગી હોય તે સ્થળે ફાયરને પહોંચવામાં કલાકો નીકળી જતા હોવાથી હથોડા ગામ સહિત આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાય છે.


**મકરસંક્રાતી ઉતરાણ નીમીત્તે પુણ્ય કમાવવાની ઉત્તમ તક**

મહાવીર વૃધ્ધાશ્રમ એટલે ગરીબ નિરાધરોનો આધાર, જે દિવ્યાંગોને સાચવતી સંસ્થા છે. ઉતરાણ નિમીત્તે અન્નદાન, વસ્ત્રદાન, ગુપ્તદાન કરી પૂણ્ય કમાવો. દાતાની નામવાલી તકતી મુકવાનું આયોજન શરૂ કરેલ છે. દાન આપનાર દાતાશ્રીઓને 80 (G)5 હેઠળ કરમુક્તીનો લાભ મળવા પાત્ર છે.

મહાવીર વૃધ્ધાશ્રમ, બીલીમોરા, વેસ્ટ
મો. ૯૯૨૫૬ ૭૩૦૨૧ ઓ. ૦૨૬૩૪-૨૮૫૧૨૧



Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 06:00pm, 09:00pm,
Jai Kanhaiyalall Ki-Gujarati
07:00pm, 09:30pm
Bicharo Bachelor-Gujarati
11:00am
Dhurandhar
05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333